# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાના આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓને જણાવવામાં આવે છે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા "પ્રવેશ યોગ્યતા પ્રમાણપત્ર" માટે માન્ય બોર્ડની યાદીમાંથી "બોર્ડ ઓફ ઓપન સ્કુલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન(BOSSE) સિક્કિમ"ને રદ કરવા અંગે બોર્ડની શૈક્ષણિક સમિતિ અને કારોબારી સમિતિ દ્વારા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવેલ છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ વિનિયમ-1974ના વિનિયમ-12(9)(ક)માં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:મશબ/ 112022/93/છ, તા.07/06/2022 થી થયેલ સુધારેલ જોગવાઇ મુજબ "ઑપન સ્કૂલ તરીકે સમગ્ર દેશમાં NIOSનું કાર્યક્ષેત્ર હોય, NIOS સિવાયના અન્ય રાજ્યના ઑપન બોર્ડના વિદ્યાર્થી તરીકે ગુજરાત રાજ્યમાં વસવાટ કરતા વિદ્યાર્થી અન્ય રાજ્યના ઑપન બોર્ડની ધોરણ-10ની પરીક્ષા ઉત્તીર્ણ કરે તો પણ તેને ધોરણ-11 માં પ્રવેશ માટે યોગ્ય ગણાય નહી, કારણ કે અન્ય રાજ્યના ઑપન બોર્ડનું કાર્યક્ષેત્ર સંબંધિત રાજ્ય માટે જ હોય છે. જેથી ઑપન બોર્ડમાં માત્ર NIOS ને જ માન્ય ગણવાનું રહેશે."

ઉક્ત બાબત ધ્યાને લઈને ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી શાળાઓમાં "બોર્ડ ઓફ ઓપન સ્કુલીંગ એન્ડ સ્કીલ એજ્યુકેશન (BOSSE) સિક્કિમના વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાશે નહિ, જે અંગે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની માન્યતા ધરાવતી તમામ શાળાઓના સંચાલકશ્રીઓ, આચાર્યશ્રીઓ, વિદ્યાર્થીઓ અને વાલીઓએ નોંધ લેવા વિનંતી છે.

તા.૦૯/૦૨/૨૦૨૪
સ્થળ-ગાંધીનગર

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર

E:\PC DATA\Desktop\Jamia Urdu Aligarh COBSE list.docx